-: વેચાણ દસ્તાવેજ :-

વેચાણ અવેજ રૂ.---------   /-   સ્ટામ્પ પેપર રૂ.---------/-

આજ રોજ તારીખ   /૧૦/૨૦૨૩ દીને ......

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર ખરીદનાર યાને પહેલા પક્ષના :-

શ્રી--------------------------------

જાતના. હિન્દુ, ઉ.આ.વ. ---- વર્ષ, ધંધો : -------, રહે. : ----------------------------------- ---------------------------, સુરતના.

Pan No.   **મો.નં.**

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં તમો ખરીદનાર પહેલાપક્ષના અગર તમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા પહેલાપક્ષના પોતે તથા તેઓના વંશ વાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જોગલી.

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર વેચનાર યાને બીજાપક્ષના :-

માધવ ડેવલોપર્સ, એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી, જેની ઓફિસનુ સરનામું : એ-૧, પહેલો માળ, શીવ દર્શન સોસાયટી, પુણા સીમાડા રોડ, યોગી ચોક, સુરત-૩૯૫૦૧૦

(Pan No. ABXFM 0022 G)

તેના તરફે અને વતી વહીવટ કર્તા ભાગીદાર :-

ગોવિંદભાઇ નનુભાઇ સાવલીયા

જાતના. હિન્દુ, ઉ.આ.વ. ૫૩ વર્ષ, ધંધો : વેપાર, રહે. : બી-૧૮૪, ભગવતી કૃપા સોસાયટી, લક્ષ્મણનગર રોડ, નાના વરાછા, સુરતના.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફ્લેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ‘ વેચાણ આપનાર ’ તરીકે સંબોધવામાં આવશે અને તે જાતે પોતે તથા પોતાના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઈવરો, અધિકૃત પ્રતિનિધીઓ, ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટર્સ, ઉત્તરાધિકારી વિગેરે તમામનો સમાવેશ થઇ જાય છે.)

ડિસ્ટ્રીકટ ભરૂચ, સબ ડિસ્ટ્રીકટ ભરૂચના મોજે ગામ ચાવજના સર્વે/બ્લોક નંબર : ૧૧૪, ની એકર-ગુઠા ૨૩-૦૧ ની બીનકેતીની ખુલ્લી જમીનમા આવેલ રહેણાંકના હેતુમાટેના પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૭૪**, (જેને ૭/૧૨ મુજબ રેવેન્યુ બ્લોક/સર્વે નંબર : ૧૧૪/૭૪ આપવામાં આવેલ છે જેનો રી-સર્વે બાદ નવો રેવેન્યુ બ્લોક/સર્વે નંબર : ૫૦૦ થી નોંધાયેલ છે જેનું ચોખ્ખું ક્ષેત્રફળ ૧૪૦૪.૭૭ ચો.મી. છે.) કે જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૧૧૩૬.૦૦ ચો.મી. તથા બીન અવેજી વરાડે પડતી માર્જીનની જમીનનું ક્ષેત્રફળ ૨૬૮.૭૭ ચો.મી મળી કુલ્લ ક્ષેત્રફળ ૧૪૦૫.૦૦ ચો.મી. સદર જમીન ઉપર આયોજ કરવામાં આવેલ **“ રાધે રેસીડેન્સી ”** માં આવેલ હાઇરાઇઝ બિલ્ડીગ માં આવેલ **“ એ ”** તથા **“ બી ” વીગ** પૈકી **“ --- ”** વીગમાં આવેલ ---- માળે **ફ્લેટ નં.-----,** વાળી મીલકત (જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં સદરહું મિલકત એવી રીતે સંબોધવામાં આવેલ છે. જેનું વિગતે વર્ણન આ નીચે શીડયુલમાં આપવામાં આવેલ છે) સદરહું ફ્લેટ/દુકાન–મિલકત અમો બીજા પક્ષનાની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ વ્યવસ્થા, હેઠળની ચાલી આવેલ છે. સદરહું મિલકત અંગે હમો બીજા પક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા-કરાવવાનો હકક અને અધિકાર છે. તે હકક અને અધિકારની રૂએ સદરહું મિલકત તમો પહેલા પક્ષનાને હમો બીજા પક્ષનાએ વેચાણથી આપવાનું નકકી કરેલ જેનો વેચાણ દસ્તાવેજ આજ રોજ હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાની તરફેણમાં કરી આપીએ છીએ.

સદરહું મિલકતના ટાઇટલ્સ તદન ચોખ્ખા અને માર્કેટેબલ છે. તેનો ઇતિહાસ એવો છે કે..

ડિસ્ટ્રીકટ ભરૂચ, સબ ડિસ્ટ્રીકટ ભરૂચના મોજે ગામ ચાવજના સર્વે/બ્લોક નંબર : ૧૧૪ વાળી બીન ખેતીની જમીન મોતીભાઇ દેશાઇભાઇ પટેલ વિગેરેનાઓની માલીકીની ચાલી આવેલ.

સદરહું જમીનમાં બાંધકામ અંગેના પ્લાન તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ સદરહુ જમીનની બીનખેતીની પરવાનગી તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચે તેમના હુકમ ક્રમાંક : તા.પં/ભુમી/એન.એ/એસ.આર/૩૨ થી તારીખ: ૦૬/૦૨/૧૯૮૧ થી બીનખેતીની પરવાનગી આપેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૭૧૩ થી તારીખ : ૨૫/૦૬/૧૯૮૧ ના રોજ થયેલ, જે નોંધ તારીખ ૨૪/૦૮/૧૯૮૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફલેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

ત્યારબાદ સદરહુ બીનખેતી પ્લોટ વાળી મિલકત મોતીભાઇ દેશાઇભાઇ પટેલ વિગેરેનાઓ પાસેથી (૧) દીલીપકુમાર નેમચંદ્ર શાહ તથા (૨) કુંજબાલા દીલીપચંદ્ર શાહએ સંયુકત માલીકી હકકે ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૭૯૪ થી તારીખઃ ૨૩/૦૯/૧૯૮૧ ના રોજ થયેલ, જે નોંધ તારીખ ૦૭/૧૧/૧૯૮૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ. આમ, ત્યારથી સદરહુ મીલકતના માલીક (૧) દીલીપકુમાર નેમચંદ્ર શાહ તથા (૨) કુંજબાલા દીલીપચંદ્ર શાહના સંયુકતપણામાં, માલીકી તથા કબજા-ભોગવટામાં ચાલી આવેલ.

ત્યાર બાદ સદરહુ મીલકતના માલીક (૧) દીલીપકુમાર નેમચંદ્ર શાહ તથા (૨) કુંજબાલા દીલીપચંદ્ર શાહ પાસેથી યુનુસ મહંમદ રોબડએ સ્વતંત્ર માલીકી હકકે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. ભરૂચના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૩૫૫૭ થી તારીખ : ૨૬/૦૫/૨૦૦૯ ના રોજ નોંધાયેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૫૨૪૯ થી તારીખ : ૧૯/૦૬/૨૦૦૯ ના રોજ થયેલ છે. જે નોંધ સર્કલ ઓફીસરએ તારીખ ૧૪/૦૮/૨૦૦૯ ના રોજ નોંધ રદ કરેલ છે. ત્યારબાદ ફરીવાર ઉપરોકત ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૫૫૦૨ થી તારીખ : ૨૫/૧૧/૨૦૧૦ ના રોજ થયેલ, જે નોંધ સર્કલ ઓફીસરએ તારીખ : ૨૪/૦૨/૨૦૧૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ મિલકતના માલીક યુનુસ મહંમદ રોબડ પાસેથી ભરતકુમાર રતીલાલ મહેતાએ સ્વતંત્ર માલીકી હકકે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. ભરૂચના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૭૯૦, થી તારીખ : ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ નોંધાયેલ જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૫૬૮૬ થી તારીખ : ૧૪/૦૪/૨૦૧૧ ના રોજ થયેલ છે. જે નોંધ સર્કલ ઓફીસરએ તારીખ ૧૪/૦૭/૨૦૧૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ મિલકતના માલીક ભરતકુમાર રતીલાલ મહેતા પાસેથી સ્વાતિબેન રાજેશભાઇ શાહ એ સ્વતંત્ર માલીકી હકકે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. ભરૂચના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૨૫૨૧ થી તારીખ : ૦૮/૦૩/૨૦૧૧ ના રોજ નોંધાયેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર

: ૫૯૩૦ થી તારીખ : ૧૪/૧૦/૨૦૧૧ ના રોજ થયેલ છે. જે નોંધ સર્કલ ઓફીસરએ તારીખ ૧૯/૦૧/૨૦૧૨ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

સદરહુ મુળ રેવન્યુ બ્લોક/સર્વે નંબર : ૧૧૪ વાળી જમીન માંથી રેવન્યુ બ્લોક/સર્વે નંબર : ૧૧૪/૭૪ નુ પાનીયુ અલગ પાડવામાં આવેલ. તેમજ સદરહુ ગામે રી-સર્વે થયેલ હોવાથી રી-સર્વે સંબંધી તૈયાર કરવામા આવેલ રેકર્ડનું પ્રાંત અધિકારી શ્રી જે.વી. દેસાઇ ભરૂચ પ્રાંત કચેરી દ્વારા હુકમ નંબર : ટેનન્સી/રી-સર્વે/૧૯૫૫ થી ૧૯૭૮/રી-સર્વે રેકર્ડ પ્રમોલગેશન/નોટીસ/વશી ૩૧/૧૨/૨૦૧૬ તારીખઃ ૩૧/૧૨/૨૦૧૬ થી જાહેર નોટીસના પ્રસિધ્ધ કરવામા આવેલ અને ૩૦-દિવસમાં વાંધા અરજીઓ રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર નોટીસના સમયગાળા દરમ્યાન રજુ થયેલ વાંધા અરજીઓ અન્વયે કરવાપાત્ર સુધારાઓ સાંકળી નવુ રેકર્ડ તૈયાર કરી મોકલવામાં આવેલ. રી-સર્વે સંબંધી તૈયાર થયેલા નવા રેકર્ડ ની સો ટકા ખરાઇ મામલતદારશ્રી ભરૂચ દ્વારા તેયાર કરવામા આવેલ ત્યાર બાદ પ્રાંત અધિકારી શ્રી જે.વી. દેસાઇ ભરૂચ પ્રાંત કચેરી દ્વારા ચકાસણી કરી હુકમ નંબર : ક્રમાંક : ટેનન્સી/૦૪૩/ચાવજ/વશી/૭૫૧ થી ૭૫૫/૨૦૧૭ તારીખ : ૦૩/૦૮/૨૦૧૭ ના હુકમથી નવુ તૈયાર કરેલ રી-સર્વે સંબધી રેકર્ડનુ પ્રમોલગેશન કરી આખરી કરવામાં આવેલ. જે અંગેની પ્રમોલગેશન નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૮૫૧૦ થી તારીખ : ૦૩/૦૮/૨૦૧૭ ના રોજ નોંધ દાખલ થયેલ. જે નોંધ પ્રમાણીત થયેલ. ત્યારથી સદરહુ રેવન્યું બ્લોક સર્વે નંબર : ૧૧૪/૭૪ વાળી જમીનને રી-સર્વે બાદ નવો રેવન્યું બ્લોક/સર્વે નંબર : ૫૦૦ આપવામાં આવેલ.

ત્યારબાદ રીવાઇઝ પ્લાન પાસ કરવા જમીન માલીકે મુખ્ય કારોબારી અધિકારી ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સતા મંડળ ભરૂચને બાંધકામ કરવા માટે પ્લાન પાસ કરવા અરજી કર્તા સદર અરજીના અનુસંધાનમાં મુખ્ય કારોબારી અધિકારી ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સતા મંડળ ભરૂચના હુકમ નં. બૌડા/Z-1/બાંધકામપરવાનગી/ફા.નં.-૧૪૮૨/સિ.વિ./વશી/૩૩૭૧ થી ૩૩૭૪ તા. ૧૨/૦૯/૨૦૨૩ થી પ્લાન પાસ કરી બાંધકામની પરવાનગી નં. ૧૪૪૭ થી આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ મિલકતના માલીક સ્વાતિબેન રાજેશભાઇ શાહ પાસેથી અમો બીજા પક્ષના યાને માધવ ડેવલોપર્સ એક ભાગીદારી પેઢીને વેચાણ આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. ભરૂચના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૯૧૯૮ થી તારીખ : ૧૩/૦૬/૨૦૨૩ ના રોજ નોંધાયેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ (હકકપત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૦૮૩૫ થી તારીખ : ૨૯-૦૮-૨૦૨૩ ના રોજ થયેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફલેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

આમ, સદરહુ પ્લોટ નંબર : ૭૪ વાળી મિલકતના સંપુર્ણ માલીક, મુખત્યાર અને કબજેદાર તથા ભોગવટેદાર અમો બીજા પક્ષના યાને માધવ ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી થયેલ અને ચાલી આવેલ. સદરહુ મિકતનો અમો બીજા પક્ષનાને હરકોઇ પ્રકારે વહીવટ, વ્યવસ્થા કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક માધવ ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી યાને હમો બીજા પક્ષનાઓએ રહેણાંક હેતુ માટે **" રાધે રેસીડેન્સી "** ના નામથી ઓળખાતી હાઇરાઇઝ બીલ્ડીગનું આયોજન કરવામાં આવેલ, મજકુર બિલ્ડીગમા આવેલ **" એ** તથા **બી "** વીગનુ બાંધકામ કરવાનું આયોજન કરેલ, સદર બીલ્ડીગ ઇમારતના ટાઇટલ્સ, બાંધકામના પ્લાન, રજાચિઠ્ઠી, બાંધકામ, ફીટીગ્સ, ઇલેકિટ્રક ફીટીગ, ટાઇલ્સ, રૂમની સાઇઝ, કોમન ફેસીલીટીઝ ઈત્યાદિ તમામ બાબતોની તમો પહેલા પક્ષનાએ જાતે તેમજ તે બાબતોના નિષ્ણાતો દ્રારા જાણકારી મેળવીને, જોઇ તપાસીને, તમામ બાબતોની ખાતરી કરી/કરાવી લઇને તથા કબુલ મંજુર રાખીને મજકુર **" રાધે રેસીડેન્સી "** ના હાઇરાયઝ બીલ્ડીગ માં આવેલ એ તથા બી વીગ પૈકી ---- વીગ **--- માળ ઉપર આવેલ ફલેટ નં.------ વાળી મિલકત ખરીદ કરેલ છે.** જેનું વિગતે વર્ણન આ નીચે પરિશિષ્ટમાં જણાવેલ છે. જેનો આજ રોજ આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાની તરફેણમાં કરી આપેલ છે.

આમ સદરહું મિલકત અમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકીની અને પ્રત્યક્ષ કબજા વહીવટ ભોગવટાની ચાલી આવેલી છે. અને તેમાં અમારા સીવાય બીજા કોઇનો હકક અધિકાર નથી અને તેની હરકોઇ પ્રકારે વ્યવસ્થા કરવા અમો એકલાને સંપુર્ણ હકક અને અધિકાર છે. તેવો તમોને વિશ્વાસ અને ભરોસો આપી નીચે શિડયુલમાં જણાવેલ મીલકતનો આ વેચાણ દસ્તાવેજ તમોને આજ રોજે કરી આપ્યો છે. જેની કિમત તમારી સાથ રૂા.--------------/- અંકે રૂપીયા ---------------- -- પુરા નકકી કરવામાં આવી છે જે વ્યાજબી બજાર કિંમત છે. અને તે અમોને કબુલ છે. તે વિરૂધ્ધ ભવિષ્યમાં અમારી કોઇ તકરાર ચાલશે નહી અને જો કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

એ રીતે નીચે શિડિયુલમાં જણાવેલ વિગત અને વર્ણનવાળી મીલકત અમોએ આજરોજ આથી તમોને કિંમતી અવેજ બદલ, તમારી સાથે ગીરોની તેમજ પાછી લેવાની, લેખીત કે મૌખીક શરત કર્યા સીવાય, યાવતચંદ્ર દિવાકરો કાળસારૂ વેચાણ આપેલ છે. સદરહું વેચાણ આપેલ મિલકતનો અવેજ તમો પહેલા પક્ષનાએ અમો કુલ કિંમત રૂા. ------------------/- અંકે રૂપીયા -

દસ્તાવેજનો પ્રકાર	**ગામનું નામ**	**બ્લોક નં.**	**ફલેટ**	**ક્ષેત્રફળ ચો.મી.**
વેચાણ	ચાવજ	500		

--------------- પુરા નકકી કરવામાં આવેલી તે વેચાણ અવેજની રકમ હમો બીજા પક્ષનાને નીચેની વિગતે મળી છે.

-: નાણા ચુકવ્યાની વિગત :-

રકમ (રૂા.)	બેંકનું નામ	ચેક નંબર	તારીખ
૦૦,૦૦૦/-	**કુલ અવેજ રૂપીયા**		

ઉપર પ્રમાણે વેચાણનો પુરેપુરો અવેજ અમોને તમારા તરફથી પહોંચી ચુકયો છે. જેની યોગ્ય પહોંચ અમો આથી તમોને આપીએ છીએ. સબબ, ભવિષ્યમાં અવેજ ન મળ્યો હોવાની કે ઓછો મળ્યો હોવાની અમારી કાંઇ પણ તકરાર ચાલશે નહી અને જો કરવામા આવે તો તે આથી રદબાતલ થાય સહી.

સબબ, સદરહું મીલકત અમોએ અમારા સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા વહીવટ ભોગવટામાંથી કાઢી તમારા સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા વહીવટ ભોગવટામાં સોપી છે. તેના હવેથી તમોને તેમજ તમારા વંશ, વાલી, વારસોને કુલે અને સ્વતંત્ર માલીક, મુખત્યાર, હકકદાર અને કબજેદાર બનાવ્યા છે સહી તેના ઉપર હવેથી અમારો કે અમારા વંશ, વાલી, વારસો ના કોઇનો કાંઇપણ લાગભાગ, હકક, હીત, હીસ્સો, દરદાવો કે કબજો ભોગવટો રહયા નથી અને તેવા અમારા તમામ પ્રકારના હકક, હીત, સંબંધોનો આથી અંત આણ્યો છે યાને તે નષ્ટ થાય છે સહી.

સદરહું તમોને વેચાણ આપેલ મીલકત તમો જાતે વાપરો અગર કોઇને ભાડે આપો કે તમારી મરજી ગીરો, વેચાણ કે બક્ષીસ વીગેરે હરકોઇ પ્રકારની વ્યવસ્થા કરવા માટે તમો તેમજ તમારા વંશ, વાલી, વારસો, માલીક, મુખત્યાર, હકકદાર અને કબજેદાર થયા છો સહી. અને તે અંગે પાછળથી અમારી કાંઇપણ તકરાર ચાલશે નહી અને જો કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

મજકુરના તમોને વેચાણ આપેલ ફલેટ વાળા બિલ્ડીગના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ પાર્કીંગનો તેમજ દાદર, પેસેજ અને લીફટનો તેમજ અગાશીના તમોને અન્ય ફલેટના માલીકો સાથે રાસુકા વપરાશ કરવાનો હકક આપવામાં આવે છે. મજકુર દાદર, પેસેજ કે લીફટનો તમોએ કે તમો થકી કોઇએ પણ કાયમી હકક કરવાના નથી કે અન્ય ફલેટ ધારણકર્તાઓને અંતરાય કે

અડચણરૂપ થાય તે રીતે દાદર, પેસેજમાં માલ-સામાન મુકવાનો નથી વધારાનું કોઇ બાંધકામ કરીને રોકાણ કરવાનું નથી.

મજકુર તમોને વેચાણ આપેલ ફલેટના બાંધકામ તમો પહેલા પક્ષવાળાએ સમગ્ર ઇમારતમાં આવેલ આર.સી.સી. બીમ, કોલમ કે તેને લગતા બાંધકામમાં કોઇપણ પ્રકારનો સુધારો-વધારો કે તોડફોડ કરવાની નથી તથા ઇમારતમાં આવેલ કોમન દાદર કે પેસેજમાંથી કોઇપણ પ્રકારનું વધારાનું બાંધકામ કે પ્રોજેકશન કરવાનું નથી અને તેમ જો પહેલા પક્ષના કરે અને તેને કારણે એપાર્ટમેન્ટને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો તે નુકશાન ભરપાઇ કરવાની જવાબદારી તમો પહેલા પક્ષવાળાના શીરે રહેશે સહી.

સદરહું મીલકત અમોને ઉપર જણાવ્યા મુજબ અમોને માલીકી હકકે પ્રાપ્ત થયા બાદ તેની અમોએ આ અગાઉ ગીરો, વેચાણ કે બક્ષીસ વીગેરે હરકોઇ પ્રકારે વ્યવસ્થા કરેલ નથી. તેમજ તેના પર અમારા કોઇપણ શાહુકાર ની ટાંચ કે જપ્તી નથી. અને તે કોઇપણ જાતના દાવાદુવી ના પ્રકરણોમાં સંડોવાયેલી નથી. તેમજ તેના પર કોઇનો ખાધાખોરાકીનો કે ભરણપોષણનો કે રહેઠાણનો વીગેરેનો હકક નથી કે અમોએ ઉત્પન્ન કર્યો નથી. અને તે કોઇ પણ જાહેર હેતું માટે સંપાદન થયેલ નથી કે તે અંગેની કોઇ નોટીસ અમોને મળી નથી એ રીતે નીચે જણાવેલ વીગતની મીલ્કત તદન ચોખ્ખી, નકરજી, નબોજી અને નજોખમી ચોખ્ખે ચોખા માર્કેટેબલ ટાઇટલ વાળી છે. એવો તમોને સંપુર્ણ વિશ્વાસ અને ભરોસો આપી, તમો પહેલા પક્ષનાને આપેલ છે. અને તે તમામની તમો પહેલા પક્ષનાએ ખાત્રી કરી /કરાવીને, તે તમામ કબુલ, મંજુર રાખીને મજકુર મિલકત વેચાણ રાખેલ છે.

સદરહું ફલેટનું બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબનું છે એટલે આ વેચાણ દસ્તાવેજ થયા બાદ પહેલા પક્ષવાળા ફલેટમાં કોઇપણ પ્રકારના સ્થાયી સ્વરૂપના ફેરફાર કરાવે તેના કારણે સુડા દ્રારા કે પંચાયત તરફે કાર્યવાહી થાય તેની જવાબદારી તમો પહેલા પક્ષના યાને ખરીદનારની રહેશે. પહેલા પક્ષવાળાએ સદરહું ફલેટમાં દર્શનના ભાગમાં યાને બિલ્ડીગના બાહય એલીવેશનમાં કોઇપણ પ્રકારની ચીજવસ્તુઓ મુકવાની નથી કે સાઇડનું નામ **" રાધે રેસીડેન્સી "** આપ્યું છે તે નામમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાનો નથી.

સદરહુ **" રાધે રેસીડેન્સી "** માં આવેલ તમામ બિલ્ડીગની બહારની ચારે તરફની દિવાલો તમામ ફલેટ હોલ્ડરોની સહીયારી સહમાલીકીની ગણાશે, તેના રંગ રોગાન તથા જાળવણી અંગેના તમામ ખર્ચ ફલેટ હોલ્ડરોએ સરખે હિસ્સે ભોગવવાનો રહેશે.

દસ્તાવેજનો પ્રકાર	**ગામનું નામ**	**બ્લોક નં.**	**ફલેટ**	**ક્ષેત્રફળ ચો.મી.**
વેચાણ	ચાવજ	500		

સદરહું મિલકત જમીનમાં બંધાયેલ કુલ ઇમારતનો એક ભાગ છે. જેથી આખી ઇમારતના આયોજન-બાંધકામ મુજબના જે કાંઇ વણ વહેંચાયેલા અવિભાજય હિસ્સાની જમીનના તથા સી.ઓ.પી., બીજી સુખસગવડના સાધનો, લીફ્ટ, પાર્કીગ વિગેરેની જગ્યાના માલિકપણાંના આ વેચાણ દસ્તાવેજથી તમને વેચાણથી આપેલ મીલકતના ક્ષેત્રફળના પ્રમાણસરથી તથા કોમન સગવડોનો સમાવેશ થયેલ છે. તે તમામ ફ્લેટ હોલ્ડર્સોએ સયુંકતમાં વપરાશ તેમજ ઉપયોગ કરવાનો રહેશે સહી. એવા હકક, હેતુ પરસ્પરથી ભોગવવાને તમો હકકદાર થાઓ છો. જેનો હિસ્સે પડતા મેઇન્ટેનન્સ, મરામત ચાર્જીસ નિયમીત ભરવાને તમો જવાબદાર થાઓ છો. વણ વહેંચાયેલા હકક સગવડોની સ્વતંત્ર વહેંચણની માંગણી તમોએ કે તમારા ઉતરાધિકારીએ કયારેય કરવાની રહેશે નહી.

સદરહુ સોસાયટીમાં મુકવામાં આવેલ આંત્રીક રસ્તાનો તમામ ફલેટ હોલ્ડરોએ ઉપયોગ કરવાનો રહેશે તેમાં કોઇ ફ્લેટ હોલ્ડર કે કોઇ બિલ્ડીગના સભ્યોએ અડચણ કરવાના રહેશે નહી તેમજ મજકુર રસ્તા ઉપરથી કોઇ પણ ફ્લેટ હોલ્ડર ઇલે.કેબલ, ગેસ લાઇન, પાઇપ લાઇન વિગેરે લઇ જઇ શકશે તેમા કોઇએ અવરોધ અડચણ કરવાની રહેશે નહી.

મજકુર મીલકતનો કબજો બીજાપક્ષના ધ્વારા પહેલાપક્ષનાને સુપ્રત કરવામાં આવ્યો હોય અને તે ઉપયોગ ફકત રહેણાંક હેતુ માટે જ કરવાનો રહેશે, સદરહું મિલકતમાં એવા કોઇપણ પ્રકારના માલ-સામન કે જે વિસ્ફોટક હોય, હાનિકારક હોય, પર્યાવરણને નુકશાનકારક હોય, વધુ વજનદાર હોય, કે જેનાથી ધ્રુજારી ઉત્પન થાય અને બિલ્ડીગના સ્ટ્રકચરને નુકશાન કરે યા તો સોસાયટીની પ્રતિબંધીત કરે તેવી કોઇપણ પ્રકારની મશીનરી-સામાનનો ઉપયોગ કરવાનો નથી. સદરહું મીલકત તમો પહેલાપક્ષનાને **સોપ્યાની તારીખથી ૫ વર્ષ** સુધી સ્ટ્રકચરલ કે આરસીસીને લગતી ખામી હશે તો તે અમો બીજા પક્ષનાએ અમારા ખર્ચે કરાવી આપવાનું રહેશે, પરંતુ અમો બીજા પક્ષનાની પરવાનગી લીધા વિના કે લીધા બાદ સ્ટ્રકચર, ઇન્ટરનલ ચેન્જીસ કે બાંધકામમાં ફેરફાર કરવામાં આવેલ હશે તો તે અંગેની તમામ જવાબદારી તમો પહેલા પક્ષનાની અને સોસાયટીની સંયુકત ફાળે પડતી રહેશે. અને જે બાબતે કઇ પણ મુશ્કેલી ઉદભવે તો તે અંગે ડેવલપર્સની યાને બીજા પક્ષનાની કોઇ જવાબદારી રહેશે નહી.

સદરહું મીલકત ગ્રામ પંચાયતના દફતરે, રેવન્યુ, મામલતદાર કચેરીના દફતરે, તેમજ સરકારી અર્ધ-સરકરી કચેરીઓમાં તેમજ હરકોઇ રેકર્ડઝ ઓફ રાઇટસ દફતરે વિગેરે શીડયુલમાં જણાવેલી મિલકત અંગે હમો બીજા પક્ષનાનું નામ કમી કરાવી તમો અમારી તમામ પ્રકારની કબુલાત ગણી લઇ તમારા નામે ચઢાવવા માટે હકકદાર થયા છો સહી. અને તેમ કરવામાં પાછળથી અમારી

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફલેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

કાઇપણ સહી કે સંમતી ની જરૂરીયાત પડે તો તે અમારે તમોને વીના અવેજે અને વીના તકરારે આપવી સહી

સદરહુ મિલકતના ભવિષ્યમાં **" રાધે રેસીડેન્સી "** ના સભ્યો ઓક્યુપાયર્સ બિલ્ડીગના તથા તેમાં આવેલ સવલતોના મેઇન્ટેનન્સ રીપેરીગ, રીપ્લેસમેન્ટ, મેનેજમેન્ટ, ઇત્યાદી માટે જે એસોસીએશન, સર્વિસ સોસાયટી કે નોન ટ્રેડિંગ કોર્પોરેશન ઇત્યાદીની રચના કરે તેમા તમોએ ફરજીયાત પણે સભ્ય થવુ પડશે અને એસોસીયેશન, એન.ટી.સી. કે સર્વિસ સોસાયટીના રૂલ્સ રેગ્યુલેશન પ્રમાણે જે કાંઇ શેર મેળવવા જરૂરી હોય તે પ્રમાણે ફોર્મ ભરી તેમજ નાણાં ભરી સભ્ય થવુ પડશે. અને તમોએ એસોસીએશન, એન.ટી.સી. કે સર્વિસ સોસાયટી તરફે પહેલા પક્ષનાના એડવોકેટ જે આર્ટીકલ તેમજ મેમોરેન્ડમ ઓફ એસોસીએશન કે બાયોલોઝ ઘડે તે પ્રમાણે તમોએ વર્તન કરવુ પડશે અને સદરહું વર્ણનમાં દર્શાવેલ આખી મિલકતમાં જે-જે કોમન સર્વિસીસ આપવામા આવેલ છે. તેની જાળવણી, રીપેર રીપ્લેસમેન્ટ, સફાઇ, ચોખ્ખાઇ વિગેરે તમામ જે માણસો, એકાઉન્ટન્ટ, ચોકીદાર, લીફટમેન્ટ તથા અન્ય જે કોઇ ઇસમને પગાર યા અન્ય રીતે રોકવામાં આવે તથા કોમન જગ્યાના વેરાઓ, શિક્ષણ ઉપકર વર્ણનમાં દર્શાવેલ આખી મિલકતનો જે મેઇન્ટેનન્સ ખર્ચ થાય તેમાં તમોએ વર્ણનમાં જણાવેલ મિલકતના સ્કવેરફીટ પ્રમાણે નિયમિતપણે દર માસે યા એડવાન્સમાં યા નક્કી કરવામાં આવે તે પ્રમાણે નિયમિતપણે ફાળે પડતી રકમ ચુકવવાની રહેશે.

સદરહું મીલકત અંગેના હવે પછીના સરકારી, મહેસુલીના વેરાના, શિક્ષણ ઉપકરના, ગ્રામ પંચાયતના વેરા, લાઇટ બીલ, સોસાયટી મેઇન્ટેનન્સ તથા વિગેરે તમામ વેરા તમો પહેલા પક્ષનાએ ભરવાના છે. સહી.

સદરહું મિલકતનાં તમો ખરીદનારે ભવિષ્યમાં હમો વેચાણ આપનારને તેમજ **" રાધે રેસીડેન્સી "** માં જે તે ઓનર્સ, મેમ્બર્સ, ઓક્યુપાયર્સ, ઉપર જણાવ્યા પ્રમાણે જે એસોસીયેશન, એન.ટી.સી.કે સર્વિસ સોસાયટીની રચનાં કરે તેના હોદેદારો તેમજ વેચાણ આપનાર કે ઉપર જણાવ્યા પ્રમાણેની કોર્પોરેટ બોડી તરફથી જે કારીગરો, મજુરો વિગેરેને રોકવામાં આવે તેઓને તમો ખરીદનારે વર્ણનમાં જણાવેલ મિલકતમાં વખતો વખત ચકાસણી માટે દાખલ થવા દેવા તેમજ મિલકતમાં જે પાણી, ડ્રેનેજ, ટેલીફોન, ઇલેકટ્રીકટ ઇત્યાદી લાઇનો કે બીજી લાઇનો હોય કે ભવિષ્યમાં નવી લાઇનો નાંખવા માટે કે હાલની ઉપર જણાવેલ કે નવી લાઇનો નંખાય તેના રીપેર, રીપ્લેસમેન્ટ, ચકાચણી, વિગેરે માટે કે તે પૈકીની કોઇ પણ લાઇનો જરૂર પડયે હંગામી કે કાયમી ધોરણે બંધ કરવા માટે વર્ણનમાં દર્શાવેલ મિલકતમાં દાખલ થવા દેવાના રહેશે. અને તે માટે ખરીદનારે તથા કબજેદારે, વપરાશદારે જરૂરી સાથ, સહકાર આપવાનો રહેશે. અને તે પ્રમાણે

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફલેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

કાયમી કે હંગામી ધોરણે જે સર્વિસ બંધ કરવામાં આવે તે માટે તમો ખરીદનાર કે કબજેદાર, વપરાશદાર કોઇ નુકશાની માંગવા હક્કદાર રહેશો સહી.

સદરહું મિલકતના તમોને વેચાણ આપેલ વર્ણનમાં દર્શાવેલ મિલકતનો ઉપભોગ તમો કે તમારા લાયસન્સીઓ, કબજેદારો, ધારણ કરનારે, વપરાશદારે વર્ણનમાં દશાવેલી મિલકતના અન્ય ઓકયુપાયરો માલીકો તેમના લાયસન્સીઓ, કે **" રાધે રેસીડેન્સી "** આડોશી-પાડોશીઓએ ત્રાસરૂપ કે ન્યુસન્સ ન થાય તે પ્રમાણે કરવા કરાવવાનો રહેશ. તેમજ તમો ખરીદનારે કે તમારા લાયસન્સીઓ, કબજેદારો વર્ણનમાં દર્શાવેલ મિલકતના ગેરકાયદેસરની કે અનૈતિક પ્રવૃતિ કરવા-કરાવવાની નથી કે અન્ય ને અડચણ થાય તેવી પ્રવૃતિ સર્જવાની નથી.

સદરહું મિલકતના તમો પહેલા પક્ષનાએ કે તમારા લાયસન્સીએ, કબજેદારે તમોને વેચાણ આપેલ વર્ણનમાં જણાવેલ મિલકત સિવાયની બાકીની વર્ણનમાં દર્શાવેલ મિલકતમાં કે તેનાં કોઇ ભાગમાં કચરો, રબીસ મટીરીયલ્સ, કે અન્ય કોઇ ચીજવસ્તુઓ ફેંકવાની કે મુકવાની નથી અને વર્ણનમાં દર્શાવેલ આખી મિલકત સ્વચ્છ અને સુઘડ રહે તે પ્રમાણે વેચાણ આપેલ મિલકતનો વપરાશ કરવાનો છે.

આજદીન બાદ, કુદરતી આફતિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પૂર, આગ, વાવાઝોડુ વિગેરે માનવ સર્જીત આપતિઓ જેવી કે રમખાણો, તોફાનો, યુધ્ધ, આગની, બાંધકામમાં સુધારો-વધારો-ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વિગેરે નિયંત્રિક કે અનિયંત્રિક કોઇપણ કારણોસર, ઇમારત, મિલકત, બાંધકામ, જીવંત વ્યકિત-ચીજ-વસ્તુઓ વગેરેને નુકશાન થાય, ઇજા, મૃત્યુ થાય, નાશ પામે, તો તે અંગે અમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ, કાયદાકીય જવાબાદારી રહેશે નહી. ગણાશે નહી. અને તેનો તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ રીતે સ્વીકારકરીને, કબુલ, મંજુર રાખેલ છે. સહી.

સદરહું મિલકતના તમોને વેચાણ આપેલ સદરહું મિલકતની પુરી બજાર કિંમતનો તમારી સાથે એસોસીયેશન, સર્વિસ સોસાયટી કે લાગું થતુ હોય તેના જોઇન્ટ નામના આગ કે ધરતીકંપ વિગેરે વિમો ઇન્સ્ટુરન્સ કંપનીમાં ઉતારવાનો રહેશે તેમજ વખતો વખત રીન્યુ કરાવવાનો રહેશે. અને તે અંગેનો પુરાવો તમો પહેલા પક્ષનાએ ઉપર જણાવ્યા પ્રમાણે જે એસોસીયેશન, એન.ટી.સી. કે સર્વિસ સોસાયટી સમક્ષ રજુ કરવાનો રહેશ. અને તે મિલકતને આગ કે ધરતીકંપથી નુકશાન થાય કે આખી મિલકત કે તેના કોઇ ભાગ તુટી જાય તો વિમા અંગેની રકમ આવે તે મિલકત રીપેર, રી-ઇન્ટરટેન્ટમેન્ટ યાને તેની મુળ સ્થિતીમાં લાવવા માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે.

દસ્તાવેજનો પ્રકાર	**ગામનું નામ**	**બ્લોક નં.**	**ફલેટ**	**ક્ષેત્રફળ ચો.મી.**
વેચાણ	ચાવજ	500		

મજકુર વેચાણ આપેલ મિલકતના ટાઇટલ્સ અંગેના જુના દસ્તાવેજોની નકલો, રેવન્યુ દફતરેની નકલો, પરવાનગીઓ, બાંધકામ પ્લાન, રજાચિઠ્ઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો તમો પહેલા પક્ષનાને આપવામાં આવેલ છે. આથી ટાઇટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની હવે પછી કોઇપણ પ્રકારની માંગણી કે તર-તકરાર તમો પહેલા પક્ષનાએ કરવા/કરાવવાની નથી અને તેમો તમો પહેલા પક્ષનાએ સ્વીકાર કરેલો છે સહી

તમો પહેલા પક્ષનાએ ઇમારતના કલર, એલીવેશમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરી /કરાવી શકશે નહી. તેમજ નકકી કરવામાં આવેલ ડિઝાઇન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની ગ્રીલ-જાળી-છજુ વિગેરે લગાવી શકશે નહી. પ્રિડોફાઇન સ્થળ સિવાય અન્ય કોઇપન સ્થળ ઉપર વીડો એસી યુનિટ અને/અગર સ્પ્લિટ એસી આઉટર યુનિટ મુકી/મુકાવી/લગાડી શકશે નહી. કોઇપણ પ્રકારના એન્ટેના મુકી/મુકાવી /લગાડી શકશે નહી, કપડા સુકવવાની દોરી, વાયર, જાળી કે અન્ય કોઇપણ લગાડી શકશે નહી, તે તમામ બાબતનો તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, તેને કબુલ મંજુર રાખેલ છે. સહી

મજકુર તમો પહેલા પક્ષનાએ વેચાણ આપેલ મિલકતનું નકકી થયા મુજબનું તમામ પ્રકારની કોમન ફેસીલીટીઝ સાથેનું બાંધકામ પુર્ણ કરવામાં આવેલ છે. અને મજકુર મિલકત અંગે કોઇ પ્રકારની બાંધકામ, ફીટીગ્સ, ફીકસચર્સ, ઇલેકટ્રીફીકેશન, સેનીટેશન કે તેને સલગ્ન કોઇ કામગીરી બાકી નથી. તેમજ મજકુર બાંધકામ અને તેની સલગ્ન તમામ કામગીરી બાબતે તમો પહેલા પક્ષનાને સંપૂર્ણ સંતોષ થયેલ છે. અને તે તમામ તમો પહેલા પક્ષનાએ જાતે તથા તે બાબતોના નિષ્ણાત જાણકારો પાસે તપાસ કરી/કરાવીને, ખાતરી કરી/કરાવીને જોઇ તપાસી લઇને મિલકતની પ્રત્યક્ષ કબજો મેળવેલ છે.

તમો પહેલા પક્ષના વેચાણ રાખનારા, તેમજ ઇમારતના અન્ય માલિક, કબજેદારો ફલેટ/ઇમારતના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર, દીવાલો-ફલોરીગ, વોટર-ડ્રેનેઝ લાઇન તેમજ ફીટીગ્સ, ઇલેકટ્રીકલ લાઇનો વગેરેને નુકશાન થાય, તે પ્રકારની કોઇપણ તોડ-ફોડ ફેરફાર, સુધારા-વધારો, અમો બીજા પક્ષના તથા અમારા આર્કિટેકટની લેખીત પુર્વ-મંજુરી વીના કરી/કરાવી શકશો નહી.

સદરહુ મીલ્કતમાં કોઇના આવન જાવન, પાણીના નીકાલ, હવા ઉજાસ વિગેરેના ઇઝમેન્ટના હકકો નથી. સદરહું બીલ્ડીગની જમીનના પ્રમાણમાં ભવિષ્યમાં કાયદા અનુસાર વધુ એફ.એસ.આઇ. પ્રાપ્ત થઇ શકે તો વધુ એફ.એસ.આઇ. અનુસાર સદરહું બિલ્ડીગ ઉપર બાંધકામ કરવાનું અમો બીજા પક્ષનાનો હકક કાયમ રાખેલ છે અને તે વિરૂધ્ધ તમો પહેલા પક્ષનાની કે તમો પાસેથી ભવિષ્યમાં તબદીલથી લેનારની કોઇ તકરાર કે વાંધા ચાલે નહી અને કરે તો તે આથી

રદબાતલ થાય સહી તે સ્પષ્ટ શરતથી નીચે શીડયુલમાં જણાવેલી મિલકત તમોને વેચાણ આપેલ છે.

મજકુર તમોને વેચાણ આપેલ મીલકત એક પ્રોઝેકટનો ભાગ હોય જેથી સદર પ્રોઝેકટ યાને **"રાધે રેસીડેન્સી "** ના તમામ બિલ્ડીગનુ કામ પુરૂ ન થાય ત્યા સુધી પ્રોઝેકટના કામ માટે આંતરીક રસ્તાઓનો ઉપયોગ કરી શકશે, તે માટે કોઇ ફલેટ હોલ્ડરએ વ્યકિતગત કે સંયુકત અટકાયત કે અવરોધ કરવાનો નથી તેમજ બાકીના બિલ્ડીગોનું કામ ચાલુ હોય જેથી બિલ્ડીગોના કામમાં કોઇ અવરોધ કે અટકાયત થાય તેવુ કોઇ કૃત્ય કરવાનુ નથી તેમજ દરેક ફલેટ હોલ્ડરે સાથ સહકાર આપવાનો રહેશે આ શરતનું તમામ ફલેટ હોલ્ડરે પાલન કરવાનુ રહેશે તે શરતને આધીન તમોને વેચાણ આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટાંમ્પ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી તથા અન્ય પરચુરણ ખર્ચ અમો બીજા પક્ષકારે ભોગવેલ છે. ભવિષ્યમાં સદરહું વેચાણ દસ્તાવેજની વધારાની સ્ટાંમ્પ ડયુટી, નોંધણી ફી. દંડ, વ્યાજ કે અન્ય ખર્ચાની જે કાંઇ રકમ ચુકવવાની થાય તો તે તમામ રકમ નાણાં અમો બીજા પક્ષકારે ભરવાના રહેશે,

-: શિડિયુલ :-

-: વેચાણ આપેલી મિલકતની વિગત :-

ડિસ્ટ્રીકટ ભરૂચ, સબ ડિસ્ટ્રીકટ ભરૂચના મોજે ગામ ચાવજના સર્વે/બ્લોક નંબર : ૧૧૪, ની એકર-ગુઠા ૨૩-૦૧ ની બીનકેતીની ખુલ્લી જમીનમા આવેલ રહેણાંકના હેતુમાટેના પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૭૪**, (જેને ૭/૧૨ મુજબ રેવેન્યુ બ્લોક/સર્વે નંબર : ૧૧૪/૭૪ આપવામાં આવેલ છે જેનો રી-સર્વે બાદ નવો રેવેન્યુ બ્લોક/સર્વે નંબર : ૫૦૦ થી નોંધાયેલ છે જેનું ચોખ્ખું ક્ષેત્રફળ ૧૪૦૪.૭૭ ચો.મી. છે.) કે જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૧૧૩૬.૦૦ ચો.મી. તથા બીન અવેજી વરાડે પડતી માર્જીનની જમીનનું ક્ષેત્રફળ ૨૬૮.૭૭ ચો.મી મળી કુલ્લ ક્ષેત્રફળ ૧૪૦૫.૦૦ ચો.મી. સદર જમીન ઉપર આયોજ કરવામાં આવેલ **" રાધે રેસીડેન્સી "** નામની હાઇરાઇઝ બિલ્ડીગ માં આવેલ **" એ "** તથા **" બી " વીગ** પૈકી " --- " વીગમાં આવેલ ---- માળે **ફલેટ નં.------,** વાળી મીલકત જેનો **કારપેટ એરીયા ----- ચો.મી.** તથા **બાલ્કની** તથા **વોશ એરીયાનું ક્ષેત્રફળ ----- ચો.મી. જેનો રેરા પ્રમાણે કારપેટ ક્ષેત્રફળ ----- ચો.મી.** જેનો **બિલ્ટઅપ એરીયા ------- ચો.મી.** તથા વણવહેચાયેલ હિસ્સાનું **ક્ષેત્રફળ -------- ચો.મી.**તે મીલકત સહીત તથા તેને લાગતા વલગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત દરોબસ્ત. બિલ્ડીગની ચતુર દિશા નીચે મુજબ છે.

પુર્વે : લાગુ

પશ્ચિમ : લાગુ

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફલેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

ઉત્તર : લાગુ

દક્ષીણ : લાગુ

ઉપરની વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી કોઇના કોઇપણ પ્રકારના ધાક ધમકી વગર, તન મનની સાવધ અવસ્થામાં, બીન કેફ હાલતમાં વાંચી, વંચાવી, સમજી સાંભળી વિચારીને કોઇના કોઇપણ જાતના દાબ-દબાણ વગર લખી આપ્યો છે. જે અમોને તેમજ અમારા વંશ, વાલી વારસો ને કબુલ મંજુર તથા બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે____________________મતુ તત્રે ____________________ શાખ

ll માધવ ડેવલોપર્સ, ll નામની ભાગીદારી પેઢી

તેના તરફે અને વતી વહીવટ કર્તા ભાગીદાર.

-- --

( )

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફલેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		

સરનામું : ફ્લેટ નં. ---, વીગ-- , **" રાધે રેસીડેન્સી "** બ્લોક નં. ૫૦૦, મોજે ગામ : ચાવજ,

તા. ભરૂચ, જી. ભરૂચ,

ખરીદનાર :- ____________________

વેચનાર :- ____________________

દસ્તાવેજનો પ્રકાર	**ગામનું નામ**	**બ્લોક નં.**	**ફ્લેટ**	**ક્ષેત્રફળ ચો.મી.**
વેચાણ	ચાવજ	500		

વેચાણ લેનાર યાને પહેલા પક્ષના :- **ફોટો** **ડાબા હાથના અંગુઠાનું નિશાન**

નામ:-

સહી. : -----------------------

વેચાણ આપનાર યાને બીજા પક્ષના :- **ફોટો** **ડાબા હાથના અંગુઠાનું નિશાન**

માધવ ડેવલોપર્સ, એક ભાગીદારી પેઢી
તેના તરફે અને વતી વહીવટ કર્તા ભાગીદાર
નામ : ગોવિંદભાઇ નનુભાઇ સાવલીયા

સહી. : -----------------------

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ફ્લેટ	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ચાવજ	500		